# યુક્રેનથી પરત આવેલા ૨૭ ગુજરાતીનું મુખ્યમંત્રીએ સ્વાગત કર્યું

## સીએમ અને વાઘાણીએ ખબરઅંતર પૂછ્યા : યુક્રેન અને રશિયા વચ્ચે થયેલા યુદ્ધના કારણે મેડિકલ અભ્યાસ માટે ગયેલા વિદ્યાર્થીઓને કફોડી હાલત થઈ છે

ભારત સરકાર દ્વારા યુક્રેનમાં ફસાયેલા ભારતીય વિદ્યાર્થીઓ અને અન્ય નાગરિકોને પરત લાવવા માટે તાબડતોબ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. યુક્રેનમાં ફ્લાઈટ ઉતારવી શક્ય ના હોવાથી પાડોશી દેશથી ઓપરેશન ગંગા અંતર્ગત ભારતીય નાગરિકોને પરત લાવવામાં આવી રહ્યા છે. જેમાં યુક્રેના પાડોશી દેશ રોમાનિયાના બુખારેસ્ટ અને હંગેરીના બુડાપેસ્ટ એરપોર્ટથી વતન પરત લાવવામાં આવી રહ્યા છે. જેમાં આજે સવારે વધુ કેટલાક ગુજરાતીઓ માદરે વતન પહોચ્યા છે. ગાંધીનગર આવેલા ૨૭ વિદ્યાર્થીઓનું રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા સ્વાગત કરીને તેમના ખબર-અંતર પણ પૂછ્યા હતા. આ અગાઉ પર ગુજરાતના વિદ્યાર્થીઓ ગઈકાલે પણ પોતાના વતન પહોંચ્યા હતા. જીતુ વાઘાણીએ ભારત સરકારના અન્ય દેશો સાથેના સારા સંબંધની પ્રશંસા કરીને કોંગ્રેસ પર વાર કર્યા છે. અત્યાર સુધીમાં લગભગ ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ કે જેઓ યુક્રેનમાં ફસાયા હતા તે ગુજરાત પરત આવી ગયા છે. બાકી રહેલા વિદ્યાર્થીઓને પરત લાવવા માટે ઓપરેશન ગંગા હેઠળ કામગીરી કરાઈ રહી છે. યુક્રેનથી સફળ રીતે સ્વદેશ પહોંચ્યા બાદ ગુજરાતના વિદ્યાર્થીઓ સવારે ગાંધીનગર સર્કિટ હાઉસ આવી પહોંચ્યા હતા. આ વિદ્યાર્થીઓનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને શિક્ષણમંત્રી જીતુ વાઘાણી અને અગ્ર સચિવ એસ. જે. હૈદરે દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને ગુલાબનું ફૂલ આપીને મુખ્યમંત્રી દ્વારા સ્વાગત કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓને ક્ષેમકુશળ પરત આવવા બદલ શુભેચ્છા પાઠવતા મુખ્યમંત્રીએ તેમને યુદ્ધની સ્થિતિમાં પડેલી મુશ્કેલી અંગે પણ વાત કરી હતી. મુખ્યમંત્રી અને મંત્રીની સાથે વિદ્યાર્થીઓનું સ્વાગત કરવા માટે તેમના વાલીઓ પર ગાંધીનગર પહોંચ્યા હતા. ગાંધીનગ પહોંચેલા વિદ્યાર્થીઓ પોતાના માતા-પિતાને જોઈને ભાવુક થઈ ગયા હતા. વિદ્યાર્થીઓ તથા વાલીઓ દ્વારા ઓપરેશન ગંગા સહિત ભારત સરકાર દ્વારા તેમને પૂરી પાડવામાં આવેલી મદદ બદલ આભાર વ્યક્ત કર્યો છે. મીડિયા સાથે કરેલી વાતચીતમાં વિદ્યાર્થીઓએ હજુ પણ યુક્રેન અને પાડોશી દેશની સરહદ પર હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ પરત આવવા માટે વલખા મારી રહ્યા હોવાનું જણાવ્યું છે. જેમ-જેમ વધારે સમય પસાર થઈ રહ્યો છે તેમ-તેમ બોર્ડર પર રહેલા વિદ્યાર્થીઓની કપરી હાલત બની રહી હોવાનું સામે આવી રહ્યું છે. આ સાથે એવા વીડિયો પણ સામે આવી રહ્યા છે કે બોર્ડર પર સૈનિકો દ્વારા વિદ્યાર્થીઓ પર અમાનવી વર્તન ગુજારવામાં આવી રહ્યું છે. વિદ્યાર્થીઓનું સ્વાગત કર્યા બાદ તેમને એક હોલમાં બેસાડીને મુખ્યમંત્રી દ્વારા તેમની સાથે વાતચીત કરી હતી. આ દરમિયાન જીતુ વાઘાણી સહિત કેટલાક અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. રાજ્ય સરકારના મુખ્ય પ્રવક્તા જીતુ વાઘાણીએ મીડિયા સાથે કરેલી વાતચીતમાં જણાવ્યું કે ભારતના અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિદેશ સાથે જે સંબંધો છે તેના કારણે વિદ્યાર્થીઓને ઝડપથી પરત લાવવામાં મદદ મળી રહી છે. આ સાથે તેમણે એવો પણ આક્ષેપ કર્યો કે કોંગ્રેસ વિદ્યાર્થીઓને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહી છે.







સેક્ટર-૭/સી પ્લોટ નં. ૮૯૭/૨ સી નજીક ગટરની સાફસુફી બાદ કાળજી ન લેવાતા પડેલા ખાડામાં વાહન ફસાતા ભારે હાલાકી સર્જાઈ હતી. બે દિવસ પૂર્વે ગટરની સાફસુફી દરમિયાન ખોડાયેલ ખાડાને યોગ્ય રીતે ન પુરાતા માલવાહક વાહનના વજનથી ગટરનું ઢાંકણું ફસાઈ જતાં વાહન પણ ફસાયું હતું. ભારે જહેમત બાદ વાહનને બહાર કઢાયું હતું. વસાહતીઓની માંગણી છે કે તાકીદે યથાવત સ્થિતિ કરવા તંત્ર પગલા લે. જ્યારે કામચલાઉ લાકડાની આળસ મુકી બીજી વખત અન્ય કોઈ વાહન ભોગ ન બને તેવી વ્યવસ્થા વસાહતીઓ દ્વારા કરાઈ હતી.

# સાયન્સ સિટી ખાતે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણીનું સમાપન

## ત્રિદિવસીય ઉજવણીમાં યુથ પાર્લામેન્ટ, મોડલ રોકેટ્રી, ફન કેમેસ્ટ્રી, ક્રિએટિવ સાયન્સ લર્નિંગ, સ્કાય ઓબ્ઝર્વેશન અને સાંસ્કૃતિક રજૂઆત જેવી વિવિધ પ્રવૃતિઓ દ્વારા વિજ્ઞાન ઉત્સવ ઉજવાયો

ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનૉલોજી (ગુજકોસ્ટ) અને ગુજરાત સાયન્સ સિટી દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાનની ઉજવણીના ભાગ રૂપે સંયુક્ત રીતે વિજ્ઞાન ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું જેની થીમ 'સામુચિક ભવિષ્ય માટે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીમાં સંકલિત અભિગમલક્ષ હતી. વિજ્ઞાન દિવસની ઉજવણીના સમાપન કાર્યક્રમમાં ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના સચિવ વિજય નહેરા, નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન, ગાંધીનગરના ડાયરેક્ટર વિપિન કુમાર, આઈઆઈટી ગાંધીનગરના પ્રોફેસર ડૉ.મનીષ જૈન , ગુજરાત સાયન્સ સિટીના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર એચ. સી. મોદી , ગુજકોસ્ટના એડ્વાઈઝર ડૉ.નરોત્તમ સાહુ ઉપસ્થિત રહ્યાં હતા. આશરે ૧૪ હજારથી વધુ વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓએ વિજ્ઞાન ઉત્સવની મુલાકાત લીધી હતી.



વિજય નહેરાએ શાળાના વિદ્યાર્થીઓમાં નિરીક્ષણ શક્તિ અને ઉદભવતા પ્રશ્નો પર ભાર મૂક્યો જે તેમની કારકિર્દી અને ભવિષ્યનો પાયો આપી શકે છે. તેમણે માહિતી આપી હતી કે સાયન્સ સિટી અને ગુજકોસ્ટ વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે વૈજ્ઞાનિક કાર્યક્રમો અને આઉટરીચ પ્રવૃત્તિઓની શ્રેણી તૈયાર કરી રહ્યા છે જે શિક્ષણ, સંલગ્ન અને મનોરંજક છે. આ પ્રસંગે બોલતા ડૉ. વિપિન કુમારે જણાવ્યું કે "આપણે સૌએ વૈજ્ઞાનિક ભાવના અને વૈજ્ઞાનિક અભિગમ કેળવવા માટે સંવેદનશીલ બનાવવું પડશે જેથી કરીને વ્યક્તિ રોજિંદા જીવનમાં સમસ્યાઓને જાણી ઓળખી શકે અને તેના માટે વિજ્ઞાન અને ટેકનોલજીની મદદથી સૌહાર્દપૂર્ણ ઉકેલ શોધી શકે". કાર્યક્રમના પ્રારંભે ડૉ. મનીષ જૈને સામાન્ય ઉપયોગમાં લેવાતી સાદી-કાચી સામગ્રી દ્વારા સમજાવી શકાય તેવા સરળ વૈજ્ઞાનિક પ્રયોગોનું નિદર્શન આપ્યું હતું. તેમણે પ્રદર્શિત કરેલા દરેક પ્રયોગોમાંથી વિદ્યાર્થીઓને શાળાના અભ્યાસક્રમમાં શોધી ન શકાય તેવા પ્રશ્નોના ખૂબ જ આકર્ષક જવાબો મળ્યા હતાં.

### નાશ કરાયો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવા માટે નાટોના સભ્ય દેશ તુર્કીએ યુક્રેનને બાયરાક્ટર ટીબીટી ૨ ડ્રોન આપ્યા છે. યુક્રેનિયન એરફોર્સ કમાન્ડના પ્રવક્તા કર્નલ યુરી ઈગ્નાટીએ યુદ્ધની શરૂઆત પહેલા કહ્યું હતું કે, આ તુર્કી ડ્રોન દુશ્મનની તોપો પર ખૂબ જ ચોકસાઈથી હુમલો કરે છે અને ટેક્નોના કોલમને પણ નષ્ટ કરે છે. બાયરાક્ટર એક ખૂબ જ ઉચ્ચ ગુણવત્તાની ડ્રોન છે જે વાસ્તવિક સમયમાં હુમલો કરે છે અને તે સંપૂર્ણ સ્વચાલિત સિસ્ટમ છે. આ ડ્રોન એક એવું હથિયાર છે જે માત્ર સેકન્ડમાં હુમલો કરવાની શક્તિ ધરાવે છે. આ ડ્રોન જાસૂસ છે. યુક્રેનના મિલિટરી ડ્રોન પ્રોગ્રામને ચલાવતા એક સૈન્ય અધિકારીએ કહ્યું કે, રશિયન સૈનિકો માટે આ ડ્રોનનો સામનો કરવો ખૂબ જ મુશ્કેલ હશે. તેમણે ટીબીટી ૨ ડ્રોન ઉડાડવા માટે વર્ષ ૨૦૧૯માં તુર્કીમાં ૩ મહિનાની તાલીમ લીધી છે. આ તુર્કી ડ્રોન કંપની બાયકર મકિના દ્વારા બનાવવામાં આવ્યું છે, જે તુર્કીના રાષ્ટ્રપતિ તૈયપ રેસેપ એર્દોગનના જમાઈ સેલકુક બાયરાક્ટર દ્વારા સંચાલિત છે. યુક્રેનિયન અધિકારીએ કહ્યું કે અમારી પાસે અત્યારે ૨૦ ટીબીટી ૨ ડ્રોન છે પરંતુ તે અહીં અટકવાનું નથી. અમેરિકન એમક્યુ-૯ની સરખામણીમાં તુર્કીનું બાયરાક્ટર ટીબી૨ હળવા હથિયારોથી સજ્જ છે. તેમાં ચાર લેસર-ગાઈડેડ મિસાઈલ લગાવી શકાય છે. રેડિયો ગાઈડેડ હોવાથી આ ડ્રોન ૩૨૦ કિમીની રેન્જમાં ઓપરેટ કરી શકાય છે. આ ડ્રોન બનાવનારી કંપની બાયકરે ૧૯૮૪માં ઓટો પાર્ટ્સ બનાવવાનું શરૂ કર્યું, બાદમાં તે એરોસ્પેસ ઉદ્યોગમાં જોડાઈ ગઈ. નાટોના સભ્ય પોલેન્ડે ગયા વર્ષે કહ્યું હતું કે તે તુર્કી પાસેથી ૨૪ ટીબી૨ ડ્રોન ખરીદશે. તુર્કીનો દાવો છે કે અન્ય ઘણા નાટો દેશો પણ તેની સાથે વ્યવહાર કરવા માટે વાતચીત કરી રહ્યા છે. ટીબી૨ ડ્રોને ૨૦૨૦ની શરૂઆતમાં સીરિયાના આકાશમાં તેની શક્તિ બતાવીને વિશ્વમાં એક છાપ ઉભી કરી હતી.

### પારો ઉંચકાશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હરિયાણામાં લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થયો છે અને ઠંડા પવનો ફૂંકાઈ રહ્યા છે. જો કે, આ પરિવર્તન અલ્પજીવી છે અને ટૂંક જ સમયમાં પશ્ચિમ હિમાલય પર એક બીજી પ્રણાલી દેખાશે. જેના કારણે હવામાં ફેરફાર જોવા મળશે અને તાપમાન ફરી બે આંકડાને આંબી જશે.

# શારીરિક શિક્ષણ વિભાગની રાસેયો એકમના દ્વારા પોલિયો અભિયાનમાં મદદ

ગાંધીનગર,તા. ૨૮

ગૂજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ પોલિયો ડ્રોપ પીવડાવામાં આવી હતી અને સાથે સાથે સ્વાસ્થ્ય કેન્દ્રનાં તરફથી કોરોના



વિભાગ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયંસેવકોને દ્વારા પોલિયો ડ્રોપ્સ અભિયાનમાં મદદ કરવામાં આવી છે જેમાં વિશેષ રૂપથી શ્રી જાસ્મીન ઠાકોર, હર્ષ પટેલ, રિદ્ધિ સોલંકી, દયાલી કુંવર, શ્રી એલીસ ક્રિશ્ચિયન અને શ્રી દિપક યાદવ સાદરા સ્વાસ્થ્ય કેન્દ્રની મદદ કરી છે જેમાં શેરી શેરીનાં સર્વે અને બાળકોને મહામારીનાં બુસ્ટર ડોઝની માહિતી પણ આપવામાં આવી હતી આ સરસ પ્રવૃત્તિ કરવા માટે સંસ્થાના ડીનશ્રી પ્રો. જગદીશચંદ્ર સાવલિયા રાષ્ટ્રીય સેવા યોજના એકમના સંયોજકશ્રી ડૉ. અરુણ ભાઈ ગાંધી અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ નીરજ સિલાવટએ માર્ગદર્શન આપ્યું હતું.

## રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી : પુસ્તક પ્રદર્શન દ્વારા કરવામાં આવી

ગાંધીનગર,તા. ૨૮

પ્રખર વૈજ્ઞાનિક સી. વી. રમનનો જન્મદિવસ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના મધ્યસ્થ ગ્રંથાલયમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ પુસ્તક પ્રદર્શન દ્વારા ઉજવવામાં આવ્યો.

આ પ્રદર્શનમાં વિજ્ઞાન, વૈજ્ઞાનિકોના તથા સી. વી. રમનના પુસ્તકો જેવા કે., સી. વી. રમન, વિજ્ઞાનની કેડીએ, વિજ્ઞાનના અજાયબ અકસ્માતો વગેરે જેવા હિન્દી, અંગ્રેજી અને ગુજરાતી ભાષાના કુલ ૨૫ પુસ્તકો પ્રદર્શન સ્વરૂપે ગોઠવાયા. આ પ્રદર્શનનું આયોજન સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગ્રંથાલયના સેવકો જગદીશ પરીખ, દિશા દવે, કિશન પંચાલ, મેહુલ રાવળ અને જતિન સોલંકીના સહકાર દ્વારા કરવામાં આવ્યું.

# દિકરીના લગ્નમાં આવેલા ચાંલ્લાના ૧.૦૭ લાખનું પરિવારે દાન કરી દીધું

## ગાંધીનગરના પરિવારે દિકરીના લગ્નપ્રસંગે ચાંલ્લાની રકમ વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓમાં દાન કરીને એક નવો ચીલો ચાતર્યો

ગાંધીનગર તા.૨૮

શહેરમાં અત્યારે લગ્નગાળાની સીઝન ચાલી રહી છે અને લગ્ન પ્રસંગે આમંત્રણ મળે એટલે ચાંલ્લો લખાવવો તે આપણી સંસ્કૃતિની એક પરંપરા છે. અગાઉના સમયમાં આ પરંપરા પાછળનો ઉદ્દેશ જો કોઈ આર્થિક રીતે નબળા પરિવારમાં ઘરે લગ્ન પ્રસંગ હોય તો તેને મદદરૂપ થવાનો હતો જે પછીથી પરંપરા તરીકે પ્રસ્થાપિત થઈ ગયો છે. જોકે આજકાલ ઘણા સંપન્ન પરિવારો લગ્નપ્રસંગે ચાંદલો કે ભેટ સ્વીકારવાનું ટાળતાં હોય છે છતાં નજીકના સગા હોય તેવા મહેમાનો ચાંલ્લો કે ભેટ આપ્યા વગર રહેતાં નથી. ગાંધીનગરના એક પરિવારે પોતાની દીકરીનાં લગ્નમાં આવેલા ચાંલ્લાના કુલ ૧,૦૭,૦૦૧નું વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓમાં દાન કરીને એક નવો ચીલો ચાતર્યો છે.

ગાંધીનગરના સેક્ટર-૧૪માં રહેતાં ચંદ્રકાન્ત રાવલ જેઓ ભારત વિકાસ પરિષદ નામની સંસ્થામાં ગાંધીનગર સાબરકાંઠા વિભાગને સહમંત્રી તરીકે જવાબદારી નિભાવે છે. ગત તા.૭મી ફેબ્રુઆરીએ તેમની દિકરી ચિ.ઝંકૃતિના લગ્ન હતા આ પ્રસંગ નિમિત્તે આમંત્રિતો પાસેથી ચાંલ્લો લેવો કે નહી? એવી મથામણ ચાલતી હતી ત્યારે તેમની નાની દિકરી ચિ.સંસ્કૃતિ દ્વારા સૂચન થયુ કે આપણે ચાંલ્લો લઈને પછી યોગ્ય જગ્યાએ દાન કરીએ તો આ વિચારને પરિવારજનોએ વધાવી લીધો હતો અને ચાંલ્લા નિમિત્તે આવેલી રકમમાંથી ? ૩૧ હજાર વિદ્યાભારતી પ્રશિક્ષણ કેન્દ્રમાં, ૨૫ હજાર વિદ્યાભારતી વનવાસી શિક્ષણ સમિતિમાં,

૨૫ હજાર ભારત વિકાસ પરિષદના વિકલાંગ કેન્દ્રમાં, ૨૫ હજાર અર્જુન ભગત આશ્રમ ગૌશાળા અને ૫ હજાર આદિવાસી કન્યાઓના સમુહ લગ્નમાં મળીને કુલ ૧,૦૭,૦૦૧ અંકે રૂપિયા એક લાખ સાત હજાર એક પુરાનું દાન કરવામાં આવ્યુ હતું. આ દાનની પાવતીઓ સાથેની વિગત તેમણે તમામ આમંત્રિતોને મોબાઈલ પર મેસેજ થકી મોકલીને સાથે જણાવ્યું હતું કે "આ સત્કાર્યમાં આપ સહુ સામેલ છો. દાન સહુ કરતા જ હોય છે એટલે કહેવાની જરૂર નથી હોતી પરંતુ જેમ અમને આવા કોઈ સમાચારથી પ્રેરણા મળી હતી એટલે અન્યને પણ પ્રેરણા મળે એટલે આ મેસેજ મોકલીએ છીએ". તેમના આ સકારાત્મક નવતર પ્રયોગને સૌ કોઈએ બિરદાવ્યો હતો.



ગાંધીનગરના યુવા અગ્રણી વિશ્વજીત દેસાઈએ તેમનો જન્મદિવસ અનોખી રીતે ઉજવ્યો હતો. આ દિવસે તેમણે સિવિલ હોસ્પિટલના નવજાત બાળકોને ધ્યાનમાં રાખી કીટ તૈયાર કરાવી હતી. બાળકો માટે ઉપયોગી કીટ સિવિલમાં નવજાત શિશુઓને ભેટ આપી જન્મદિવસની ઉજવણીને પ્રેરણાદાયી અને યાદગાર બનાવી હતી.

# ભારત દેશ અને ભારતીયતાને જાણવા હોય તો સંસ્કૃત ભાષા જાણવી પડશે : રાજ્યપાલ આચાર્ય દેવવ્રત

ગાંધીનગર,તા. ૨૮

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના ૧૪માં દીક્ષાંત સમારોહમાં ૭૫૬ જેટલાં પદવી પ્રાપ્ત કરી રહેલાં વિદ્યાર્થીઓને શુભકામના પાઠવતાં જણાવ્યું હતું કે, ભારત દેશ અને ભારતીય સંસ્કૃતિને જાણવા હોય તો સંસ્કૃત ભાષા જાણવી પડશે. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, ભારત દેશ ધર્મ પરાયણ દેશ છે. ભારતીય સંસ્કૃતિ અધ્યાત્મ સાથે જોડાયેલી છે ત્યારે, ઋષિ પરંપરાનું પાલન કરી શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીમાં વેદ-પુરાણો અને શાસ્ત્રોનો અભ્યાસ કરનારા યુવાનો પ્રતિ સમાજ અપાર શ્રદ્ધા ભાવ ધરાવે છે. વેદ સંસ્કૃતિની આ ભવ્ય જ્ઞાન વિરાસતથી રાષ્ટ્ર અને સમાજને લાભાન્વિત કરવા રાજ્યપાલશ્રીએ પદવીધારકોને અનુરોધ કર્યો હતો.

રાજ્યપાલશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારથી યુવાપેઢી સજ્જ બને અને આ જ્ઞાન પ્રકાશથી સમસ્ત સમાજ આલોકિત થાય તેવા ઉદ્દેશથી શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની સ્થાપના કરી હતી. ભારતીય જ્ઞાન પરંપરાની ઉપાસના દ્વારા વિદ્યાર્થીઓ પોતાની




જ્ઞાનસંપદાથી સમાજને સમૃદ્ધ કરે અને આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે પુરુષાર્થ કરે તેવી શીખ પણ રાજ્યપાલશ્રીએ વિદ્યાર્થીઓને આપી હતી.

સંસ્કૃત પૂર્ણ ભાષા છે અને અન્ય ભાષાઓની જનની છે તેમ જણાવી રાજ્યપાલશ્રીએ ઉમેર્યું હતું કે, વેદોને ઈશ્વર દ્વારા પ્રદત્ત જ્ઞાન માનવામાં આવે છે. ધરતી પર જ્ઞાનનો આવિર્ભાવ વેદથી થયો અને ભારત દેશ સમસ્ત વિશ્વ માટે જ્ઞાનદાતા બન્યો હતો.

સંસ્કૃત ભાષામાં રચાયેલા વૈદિક સાહિત્યમાં ભારતીય જીવન દર્શન સંસ્કૃતિ અને પરંપરાના દર્શન થાય છે ત્યારે તેને જાણવા સંસ્કૃત ભાષા જન સામાન્યની ભાષા બનવી જોઈએ આ વાતને ધ્યાનમાં રાખીને જ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦માં સંસ્કૃત ભાષાને મહત્વનું સ્થાન આપ્યું છે.

## બાવીસા પરગણા રોહિત સમાજના બંધારણનું વિમોચન કરવામાં આવ્યું

તલોદ તાલુકાના હરસોલ ગામે બાવીસા પરગણા રોહિત સમાજના બંધારણનું સમાજવાડીમાં સમાજ બંધુઓની હાજરીમાં વિમોચન કરવામાં આવ્યું હતું. જેમાં મૃત્યું ભોજન, શોકની સાડી પ્રથા અને છાજિયાં ફૂટવાનો કુરિવાજ બંધ કરવામાં આવ્યો. સમાજના અગ્રણીઓની બનાવેલી બંધારણ સમિતિએ કુરિવાજોને તિલાંજલિ આપી શિક્ષણ પર ભાર મૂકતું બંધારણ બનાવી સમાજમાં મૂકતા સર્વે ભાઈ બહેનોએ હર્ષોલ્લાસ સાથે વધાવી લીધું હતું. મંડળના પ્રમુખ મુળજીભાઈ પટેલ અને જે.જે.મેવાડાએ સમાજ બંધુઓને બંધારણનો અમલ કરી સમાજમાં શિક્ષણ અને સંગઠન પર ભાર મૂકવાના સંકલ્પ લેવડાવ્યા હતા. મૃત્યું પ્રસંગે શોકની સાડીઓ, પ્રેત ભોજન અને છાજિયાં ફૂટવાનો કુરિવાજ બંધ કરી બેસણું રવિવારે ૧૧થી ૨ સુધીનું કરવાનું નક્કી કર્યું પ્રસંગોમાં સાડીઓ અને પેન્ટ પીસ આપવાની પ્રથા પણ બંધ કરવામાં આવી. લગ્નમાં બેન્ડ કે ડી.જે.ની ફેશન પણ બંધ કરવામાં આવી. આધુનિક સમયમાં વિવિધ પ્રસંગોમાં દેખાદેખીમાં થતાં ખોટા ખર્ચા,કુરિવાજો,અંધશ્રદ્ધા વગેરે દૂર કરી દીકરા દીકરીઓના શિક્ષણ અને સ્વરોજગારી માટેના ગૃહ ઉદ્યોગો પર બંધારણ સમિતિએ ખાસ ભાર મૂક્યો હતો.મંડળના પ્રમુખ મુળજીભાઈ પટેલ અને સમાજના બંને મંત્રી વિનુભાઈ સોલંકી હરસોલ અને હીરાભાઈ મેસરિયા રમોસે સતત સંકલન કર્યું હતું. આજુ બાજુના અન્ય પરગણાઓએ પણ બંધારણને આવકારી નવા અભિગમ બદલ સમગ્ર ટીમને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.